# સાયન્સ સિટીમાં ક્લાઈમેટ ચેન્જ એજ્યુકેશન અંગે યુનેસ્કોના સભ્યોએ માહિતી મેળવી

ગાંધીનગર, તા.૧૭

સમગ્ર ભારતમાં અલગ અલગ સંસ્થાઓમાં ક્લાઈમેટ ચેન્જ અંગે કેવી રીતે શિક્ષણ આપવામાં આવી રહ્યુ છે તેના વિશે ખ્યાતનામ સંસ્થા યુનેસ્કો દ્વારા એક દસ્તાવેજી ફિલ્મ બનાવવામાં આવી રહી છે. આ સંદર્ભે યુનેસ્કો(દિલ્હી)ના સભ્યો અને CEE (Centre for Environment Education)ના તજજ્ઞોએ ગુજરાત સાયન્સ સિટીની મુલાકાત લીધી અને ક્લાઈમેટ ચેન્જ અંગે અપાઈ રહેલા શિક્ષણ વિશે માહિતી મેળવી હતી.ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત સાયન્સ સિટીમાં ક્લાઈમેટ ચેન્જ એજ્યુકેશન ચાલી રહ્યુ છે. અહીના એક્સપર્ટ દ્વારા યુનેસ્કો અને CEE ના સભ્યોને ક્લાઈમેટ ચેન્જ અને તેની અસરો અંગે સમજા વવામાં આવ્યું હતું. ક્લાઈમેટ ચેન્જને કારણે દેશ અને દુનિયામાં કેવા પ્રકારના ફેરફાર થાય છે અને તેને કારણે માનવ જીવન પર શું અસર થાય છે.



તેના વિશે એક્સપર્ટે વિસ્તૃતમાં સમજાવ્યુ હતુ. આ દરમિયાન ગુજરાત સાયન્સ સિટીના જનરલ મેનેજર ડો.વ્રજેશ પરીખ અને આસિસ્ટન્ટ જનરલ મેનેજર ડો.હાર્દિક ગોહેલ હાજર રહ્યા હતા. સાથે અદાણી વિદ્યામંદિરના વિદ્યાર્થીઓને પણ ક્લાઈમેટ ચેન્જ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા.

ત્યારબાદ દરેકને ગુજરાત સાયન્સ સિટીના એનર્જી એજ્યુકેશન પાર્કમાં દર્શાવવામાં આવેલા જુદા જુદા રીન્યુએબલ એનર્જીના મોડેલ પણ બતાવવામાં આવ્યા હતા. જ્યાં કેવી પદ્ધતિઓ દ્વારા વીજળીનું ઉત્પાદન કરી શકાય તેના વિશે વિદ્યાર્થીઓને સમજાવવામાં આવ્યું હતું.



પંચદેવ મંદિર ખાતે ચોકલેટ નો હિડોળો સજાવામા આવ્યો છે

# શ્રી શ્યામાપ્રસાદ મુખર્જી સોસાયટી. કુડાસણ ખાતે કાનૂની શિબિર યોજાઈ




ગાંધીનગર, તા. ૧૭

જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ ,ડિસ્ટ્રિક્ટ કોર્ટ ,ગાંધીનગર ના ઉપક્રમે, શ્યામાપ્રસાદ મુખર્જીનગર સોસાયટી, કુડાસણ ખાતે કાનૂની શિબિર નું આયોજન થયું તેમાં કોર્ટ પ્રતિનિધિ અને પેરા લીગલ વોલનટીયર સુધીર દેસાઈ દ્વારા પાત્રતા ધરાવતા નાગરિકો ને ઉપલબ્ધ મફત કાનૂની સલાહ અને સહાય તેમજ કાનૂની સેવા સત્તામંડળ અધિનિયમ ૧૯૮૭ વિશે સરળ ભાષામાં સમજ આપવામાં આવી હતી.આ કાર્યક્રમ નાં આયોજન માં સક્રિય મહિલા કાર્યકર શ્રુશ્રી ભારતી બેન પોપટ નું નોંધપાત્ર યોગદાન રહ્યું હતું.અને સોસાયટી ના પ્રમુખશ્રી અર્જુનસિંહ રાવલજી પ્રેરણાત્મક સહકાર સહિત તેઓ ખાસ ઉપસ્થિત રહેલ હતા.

# યોગ શિબિર, વૈદિક હવન સાથે કુડાસણમાં સ્વાતંત્ર દિવસ ઉજવાયો





ગાંધીનગર, તા.૧૭

માનસ યોગ સેવા ટ્રસ્ટ ગાંધીનગર, સામવેદ ગ્રુપ, પ્રમુખ ગ્રુપ અને નક્ષત્ર ગ્રુપના સંયુક્ત ઉપક્રમે તા.૧૫મી ઓગસ્ટ ૨૦૨૩ને મંગળવારના રોજ સ્વાતંત્ર દિવસ નિમિત્તે યોગગુરૂ સ્વામી રામદેવજી મહારાજના સ્મરણ સાથે પ્રારંભ કરાયેલ શિબિરમાં યોગાચાર્ય ડૉ. કાનજીભાઈ બાવરીએ યોગીજ નોને બીમારીઓથી બચવા ઉપયોગી યોગ અભ્યાસ તથા આયુર્વેદિક અને નેચરોપેથીક ઉપચાર અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું અને સાથે ગાંધીનગર જિલ્લા યજ્ઞ પ્રભારી ગીતાબેન તેમની ટીમ દ્વારા વૈદિક હવન કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ગુજરાત રાજ્ય પૂર્વ ગૃહમંત્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી, બ્રહ્માકુમારી સંસ્થામાંથી પૂ. રંજન દીદી અને કોર્પોરેટર ડો. સંકેતભાઈ તેમજ સામવેદ ગ્રુપ, પ્રમુખ ગ્રુપ અને નક્ષત્ર ગ્રુપના તમામ અગ્રણીઓ સાથે સમગ્ર બિલ્ડર એસોસિ એશનના પ્રમુખ ઉપરાંત દેશના આર્મી, નેવી અને એરફોર્સના જવાનો તથા વીર શહીદોની અર્ધાંગનીઓ પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને શોભામાં અભિવૃદ્ધિ કરી હતી. વીર શહીદોની ધર્મ પત્નીઓને સંસ્થા તરફથી મોમેન્ટો આપીને સન્માનિત કરવામાં આવ્યા ત્યારબાદ સર્વે સાથે મળીને ધ્વજવંદન અને રાષ્ટ્રગીતના સમૂહગાન યોજાયા હતા. યોગમાં પ્રશિક્ષણ લેનાર યોગર્થીઓને ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ટ્રેનિંગ સર્ટિફિકેટ આપવામાં આવ્યા ત્યારબાદ સમગ્ર કુડાસણ વિસ્તારમાં ડીજેના તાલે દેશભક્તિ ગીતો સાથે ભવ્ય રેલી યોજવામાં આવી હતી. આ પ્રસંગે લાયન્સ ક્લબ તેમજ માનસ યોગ સેવા ટ્રસ્ટ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

# G20 સમિટના ડેલિગેટ્સ સે-૨૪ના જન ઔષધિ કેન્દ્રની મુલાકાતે



ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરમાં G20 અંતર્ગત વિવિધ દેશોના આરોગ્ય મંત્રીઓની મહત્વની બેઠકો યોજાઈ રહી છે. આ બેઠકોમાં પરંપરાગત દવાઓ અને જનરિક મેડિસિન અંગે ચર્ચા-વિચારણા કરવમાં આવી રહી છે તે સાથે સાથે ભારતના જન ઔષધિ કેન્દ્ર દ્વારા જનરિક દવાઓના વિતરણ મોડ્યુલની નોંધ લેવાઈ રહી છે. ૨૨૦ સમિટ માટે પધારેલા ડેલિગેશન પૈકીના કેટલાક મહાનુભાવોએ આજે સેક્ટર-૨૪ ખાતેના જન ઔષધિ કેન્દ્રની મુલાકાત લીધી હતી જ્યાં કેન્દ્રના સંચાલિકા ફોરમ ગજ્જરે તેમને વિતરણ વ્યવસ્થા સહિતની વિવિધ બાબતે માહિતગાર કર્યા હતા.

# ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં NEP અંતર્ગત ઓરિએન્ટેશન પ્રોગ્રામ યોજાયો



ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરના સેક્ટર-૭ માં શ્રી પી.કે. ચૌધરી આર્ટસ કોલેજ, ગાંધીનગર ખાતે તા. ૧૦-૮-૨૩ને ગુરૂવારે NEP અંતર્ગત ઓરિએન્ટેશન પ્રોગ્રામ યોજવામાં આવ્યો. જેમાં કોલેજના આચાર્ય ડૉ. એમ.એમ. ચૌધરીએ સૌપ્રથમ મુખ્ય મહેમાનોનું શાબ્દિક તેમજ મોમેન્ટો દ્વારા સ્વાગત કર્યુ અને વિદ્યાર્થિનીઓને નેશનલ એજ્યુકેશન પોલીસી વિશે માહિતગાર કર્યા હતા. કાર્યક્રમમાં ઉપસ્થિત મુખ્ય મહેમાનપદે નાણાં વિભાગના નાયબ સચિવ આઈ.ડી. ચૌધરીએ ઉપસ્થિત રહી તેમના પ્રવચનમાં કોલેજની વિદ્યાર્થિનીઓને સમાજની આજની પરિસ્થિતિ શું છે તે અંગે સાચુ ચિત્ર રજૂ કર્યુ હતુ. કોલેજ જીવન દરમિયાન ઊંડાણપૂર્વકનો અભ્યાસ કરી આપણા જ દેશમાં રહી સારી નોકરી પ્રાપ્ત કરી દેશનું, કોલેજનું તેમજ માતા-પિતાનું ગૌરવ વધારનાર વિદ્યાર્થિનીઓને ખૂબજ ઉપયોગી માહિતી પૂરી પાડી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન વિભાગોના અધ્યક્ષા ડૉ. મીનાબેન વ્યાસ, પ્રો. પ્રતિમાબેન છનિયારા, પ્રો. મુન્નાબેન ચૌધરી તેમજ ડૉ. ગીતાબેન ચૌધરીએ કહ્યુ હતુ. આ કાર્યક્રમમાં ડૉ. ઉર્મિલાબેન ચૌધરી, ડૉ. લીનાબેન સ્વાદિયા તેમજ મનિષાબે ચૌધરી હાજર રહ્યા હતા. કાર્યક્રમની આભારવિધિ પ્રોફેસર પ્રતિમાબેન છનિયારાએ કરી હતી.

# શ્રાવણ માસમાં ઈંડા-નોનવેજની લારીઓ બંધ રાખવા માંગ

## હિંદુઓની ધાર્મિક લાગણીને અનુલક્ષીને વિહીપ-બજરંગ દળ દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદન પત્ર આપવામાં આવ્યું

ગાંધીનગર, તા. ૧૭

પવિત્ર શ્રાવણ માસમાં ગાંધીનગર જિલ્લામાં ગેરકાયદેસર ચાલતી ઈંડા, મટન અને તવા ફ્રાયની લારીઓ તેમજ બિન શાકાહારી રેસ્ટોરન્ટોને બંધ રખાવવા અંગે આદેશ જારી કરવા બાબતે આજે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગદળ દ્વારા ગાંધીનગરના જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા ઉપાધ્યક્ષ નટવરજી જાદવ, જિલ્લા સહ મંત્રી ગણપતસિંહ વાઘેલા, જિલ્લા કોષાધ્યક્ષ રાજુભાઈ રાજગોર, જિલ્લા સેવા પ્રમુખ અમૃતજી ઠાકોર, જિલ્લા પ્રચાર પ્રસાર પ્રમુખ મહિપાલસિંહ વિહોલ, નગર ઉપાધ્યક્ષ નૈલેશ દેસાઈ, નગર સહ મંત્રી ભરતસિંહ વાઘેલા, નગર બજરંગદળ સંયોજક



વનરાજ ઠાકોર,નગર સેવા પ્રમુખ પ્રવીણભાઈ રાવલ, કલોલ નગર અધ્યક્ષ ચિરાગ ભાઈ પંડિત, કલોલ નગર મંત્રી પ્રતિક ભાઈ પટેલ, ચિલોડા પ્રખંડ ઉપાધ્યક્ષ જીગરભાઈ પટેલ, ચિલોડા પ્રખંડ મઠ મંદીર અને અર્ચક પુરોહિત પ્રમુખ લાલભાઈ દેસાઈ, સક્રીય કાર્યકર જીતુભાઈ આહીર, દશરથકાકા તેમજ બજરંગદળના ૧૫ જેટલા કાર્યકરો મળીને ૨૫ જેટલા કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતા.

# અલ્પેશ ઠાકોરે સરગાસણના વડીલો માટે રૂ.૧૦ લાખ ફાળવ્યાં



ગાંધીનગર, તા. ૧૭

સરગાસણ વસાહત મંડળ દ્વારા ધ્વજવંદન, આરોગ્ય નિદાન કેમ્પ, રક્તદાન શિબિર, તિરંગા મેગા મેડિકલ ફ્રી નિદાન કેમ્પ, રક્તદાન શિબિર, તિરંગા બાઈક રેલી વગેરે યોજીને ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત ગાંધીનગર દક્ષિણ બેઠકના ધારાસભ્ય અલ્પેશભાઈ ઠાકોર દ્વારા સિનિયર સિટીઝન્સની યોગ્ય બેઠક વ્યવસ્થા માટે રૂ. ૧૦ લાખની ગ્રાન્ટ ફાળવવા જાહેરાત કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સરગાસણ વસાહત મંડળ પ્રમુખ વિપુલભાઈ ઠાકર, મહામંત્રી પિનાકીનભાઈ પટેલ, અને અન્ય મુખ્ય કારોબારી સભ્યો તેમજ વોર્ડ નં.૮ના કોર્પોરેટર રાજેશભાઈ પટેલ, સ્થાનિક બિલ્ડર અમરતભાઈ ચૌધરી વગેરેએ હાજરી આપી હતી. વિપુલભાઈ ઠાકરે GUDAના મેદાનમાં પ્રજાના હિત માટે યુવાનો - બાળકોના રમતના મેદાન અને સિનિયર સિટીઝન પાર્ક તરીકે ઉપયોગમાં આવે, તેની અગાઉ કલેકટર કચેરીને અરજી કરાયેલ તેવી રજૂઆત કરી હતી જેના અનુસંધાને ધારાસભ્યે ગ્રાન્ટ ફાળવણીની જાહેરાત કરી હતી. આ સાથે ફ્રી મેડિકલ નિદાન કેમ્પમાં ૮૮૯ નાગરિકોએ વિના મુલ્યે સેવાનો લાભ લીધો હતો તેવું સંગઠન મંત્રી ભાસ્કરભાઈ દલવાડીની અખબારી યાદીમાં જણાવાયું છે.

# પાઠશાલા અને એમ કે ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે શ્રદ્ધાંજલિ કાર્યક્રમ



ગાંધીનગર, તા. ૧૭

આજરોજ સેક્ટર ૧૪ ના ગાર્ડનમાં આપણા લોકલાડીલા સ્વર્ગસ્થ અટલ બિહારી બાજપાઈજીના પુણ્યતિથિ નિમિત્તે શ્રદ્ધાંજલિ નો કાર્યક્રમ રાખવામાં આવેલ જેમાં ડોક્ટર ગુલાબબેન પટેલ કાંતિભાઈ પટેલ મહેન્દ્રભાઈ કે ચૌહાણ દેવર્ષિ ઠાકુર તથા બાળકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ વંદે માતરમના ગાન બાદ ડોક્ટર ગુલાબચંદ પટેલે અટલબિહારી બાજપાઈ જી ના જીવન વિશેની માહિતી આપેલ ત્યારબાદ સૌએ અટલ બિહારી બાજપાઈ ની પ્રતિમાને ફુલ અર્પણ કરી વંદન કરી શ્રદ્ધાંજલિ પાઠવેલ ડોક્ટર ગુલાબચંદ પટેલ મહેન્દ્રભાઈ કે ચૌહાણ અને કાંતિભાઈ પટેલે અટલ બિહારી બાજપાઈ વિશે કાવ્ય પઠન કરેલ રાષ્ટ્રગીત અને ભારત માતાની જય વંદે માતરમ ના નારા સાથે કાર્યક્રમનું સમાપન કરવામાં આવે



રાધે ગ્રીન-૨ કે રાહેજા રોડ કોબા ગાધીનગર ખાતે ધ્વજવંદન કાર્યક્રમ સાથે સ્વતંત્રતા દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી

# ધ લીલા ગાંધીનગરમાં ધ્વજવંદન સાથે સ્વાતંત્ર્ય દિન ઉજવાયો

## ટેક્સટાઇલ કસબીઓની સહાય માટે વર્કશોપનું આયોજન કરાયું

ગાંધીનગર, તા. ૧૭

ટ્વિન સિટી ગાંધીનગર અને અમદવાદમાં વૈભવી હોસ્પિટાલિટી ડેસ્ટિનેશન 'ધ લીલા ગાંધીનગર' દ્વારા રાષ્ટ્રગાન બાદ ધ્વજવંદન કાર્યક્રમ સાથે સ્વતંત્રતા દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી અને કપડાંના પરંપરાગત કસબીઓને પ્રોત્સાહન આપવા અને તેમને મદદરૂપ થવા માટે વર્કશોપનું પણ આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં મહેમાનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વર્કશોપમાં ભારતની સમૃદ્ધ ચાકળા (ટેપેસ્ટ્રી) અને સંસ્કૃતિનો અનુભવ કરાવવા માટે કાપડને રંગવાની પદ્ધતિઓ અને હાથથી છાપવાની પદ્ધતિઓ કુશળ કારીગરો દ્વારા ઉપસ્થિત દર્શાવાઈ હતી અને શીખવાડવામાં આવી હતી.

ધ લીલા ગાંધીનગરના જનરલ મેનેજર વિકાસ સૂદે જણાવ્યું હતું કે, "કળા અને



સંસ્કૃતિ આપણા દેશની સમૃદ્ધ પરંપરાઓના કેન્દ્રમાં છે. આ વર્કશોપ, આપણી પરંપરાગત કળા અને કારીગરી જીવંત રહે તે માટે કારીગરો દ્વારા કરવામાં આવતા પ્રયાસો અને સમર્પણની ઝલક મહેમાનોને મળી રહે અને તેના દ્વારા આ કસબીઓનું સશક્તિકરણ કરવાની ધ લીલા ગાંધીનગરની પ્રતિબદ્ધતા દર્શાવે છે. આ વર્કશોપ સ્વતંત્રતા દિવસ પર આપણા દેશના કલાત્મક વારસા અને કારીગરોને મદદ કરીને શ્રદ્ધાંજલિ આપવાનો એક પ્રયાસ પણ હતો."

# સે. ૨૨માં બેસતા શ્રાવણ માસનો મહામાંગલિક પ્રસંગ સંપન્ન થયો




ગાંધીનગર, તા. ૧૭

ગુજરાત રાજયના પાટનગર ગાંધીનગર મધ્યે સેક્ટર-૨૨માં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથદાદાના જિનાલયના પ્રાગંણમાં અભય અમૃત ચાતુર્માસ મંડપ ખાતે ગચ્છાધિપતિ આચાર્યશ્રી અભયદેવ સૂરીશ્વરજી મહારાજ સાહેબ તથા આચાર્ય ભગવંતશ્રી મોક્ષરત્ન સૂરીશ્વરજી મહારાજ સાહેબ આદીઠાણાની નિશ્રામાં આજ રોજ બેસતા શ્રાવણ માસનો મહાપ્રભાવિક ઋદ્ધિ-સિદ્ધિ સમૃદ્ધીદાયક મહામાંગલિક પ્રસંગ સંપન્ન થયો હતો. આ પ્રસંગે સવારે ધાતુના પાંચ પરમાત્માનો નગર પ્રવેશ, અભય અમૃત કળશની સ્થાપના, માસક્ષમણના તપસ્વીઓનું પૂંજણુ તથા પચ્ચકખાણ, પૂ.મુનિરાજ શ્રી યોગ-જિન-દેવર્ષિરત્નવિજયજી મ.ને ગણિપદ, ૨ દીક્ષાર્થી તથા જીવિત મહોત્વ સહ સામુહિક અમતપ, ગાંધીનગર જૈન સંઘ મધ્યે અંજનશલાકાનું મુહૂર્ત પ્રદાન વગેરે પ્રસંગો સાથે જાજમ બિછાવી પરમાત્મા ભરાવવાની તથા અંજનશાલાકાના પાત્રોની ઉછામણી, શુદ્ધિ આંદોલનના સંક્ષિપ્ત ઈતિહાસના પુસ્તકનું વિમોચન વગેરે યોજાયા હતા. આ પ્રસંગે પુ. ગોસ્વામી રણછોડ લાલજી મહોદય (આભરણ બાવાશ્રી-હવેલી સંપ્રદાય-દોશીવાડાની પોળ), ચિંતનભાઈ ઉપાધ્યાય (પ્રાંતપ્રચારક ઈ.જી.જી, ગુજરાત પ્રાંત), તથા જૈન, સામાજિક તથા રાજકીય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# ગુજરાત સાયન્સ સિટી ખાતે ૭૭મા સ્વતંત્રતા પર્વની ભવ્ય ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૧૭

૧૫ ઓગસ્ટના દિવસે સમગ્ર દેશમાં સ્વતંત્રતા પર્વની ધામધૂમથી ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે દેશભરમાં ૭૭મા સ્વતંત્રતા પર્વની ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત સાયન્સ સિટી ખાતે પણ આઝાદીના આ પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ગુજરાત સાયન્સ સિટીના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી જે.બી. વદરે તિરંગો લહેરાવી સલામી આપી હતી. આ પ્રસંગે ગુજરાત સાયન્સ સિટીના તમામ કર્મચારીઓ હાજર રહ્યા હતા.

આ પ્રસંગે ઉપસ્થિત રહેલા કર્મચારીઓને સ્વતંત્રતા પર્વની શુભકામના આપતાં ગુજરાત સાયન્સ સિટીના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી જે.બી. વદરે જણાવ્યું



કે, આપણે સૌએ સાથે મળીને દેશના વિકાસમાં સાથ સહકાર આપવો જોઈએ. આ ઉપરાંત સરકારની વિવિધ યોજનાઓ છેવાડાના લોકો સુધી પહોંચે તેના માટે આપણે યોગ્ય દિશામાં કાર્ય કરવું જોઈએ. વધુમાં તેમણે કહ્યું કે, રાષ્ટ્રની આઝાદી માટે અનેક વીરોએ બલિદાન આપી હતી. તેમણે રાષ્ટ્રહિતને અગ્રિમતા આપી હતી.